નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૦૫/૦૨/૨૦૨૪  થી ૧૧/૦૨/૨૦૨૪

<table>
<tr><th>કચેરી/ શાખા /</th><th>કરેલ સારી કામગીરી</th></tr>
<tr><td>ભારતીય બનાવટની વિદેશી દારૂની બાટલીઓ નંગ-૨૨૮ કુલ કિંમત રૂપીયા. ૫૮,૮૦૦/-ના પ્રોહી મુદ્દામાલ સાથે (બે)૨  આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી. નવસારી</td><td></td></tr>
<tr><td>વાંસદા તાલુકાના માનકુનીયા ગામેથી ગેરકાયદેસર બે(૨) નંગ બંદુકો સાથે બે ઈસમોને પકકડી પાડતી નવસારી એસ.ઓ.જી. પોલીસની ટીમ.  <u>પકડાયેલ આરોપી  </u> (૧) લાલજુભાઈ ગોમજેભાઈ ધનગરે  (૨) સુરેશભાઈ મંછુભાઈ ધનગરે <u>કબજે કરેલ મુદ્દામાલ  </u> દેશી હાથ બનાવટની ઠાસણી બંદુકો બે નંગ  લોખંડના પારા નંગ – ૩૫ ફટાકડાના દારૂગોળા જેવો પાવડર ફટકાડી નંગ – ૧૫</td><td>
</td></tr>
<tr><td colspan="2">૧૭ વર્ષ અગાઉ પાલનપુરના શખ્સ જયંતિ ઉર્ફે જયેશ તરૂણીને લગ્નની લાલચે ભગાડી જવા  બાબતે ચીખલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં બી.એસ.મોરી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી,નવસારીનાઓએ આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટમાં પુરવણી ચાર્જશીટ રજુ કરી સરકારી વકીલશ્રી ભાવેશ ગુપ્તાનાઓએ તરૂણીની જુબાની–મેડીકલ રીપોર્ટ– સાક્ષીના નિવદનો વિગેરે પુરાવા રજુ કરી સમાજમાં દાખલારૂપ સજા કરવા માંગણી કરતા – આરોપી જયંતિ ઉર્ફે જયેશભાઈ  હીરાભાઈ મુજાત(પટેલ)ને કસુરવાર ઠેરવી ૭(સાત) વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૧૦૦૦/- નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો તેને વધુ (3) માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે</td></tr>
<tr><td>
સગીરા પર દુષ્કર્મ કેસમાં આરોપીને સાત વર્ષની કેદ<br>
ચીખલી પંથકમાં બનેલ ઘટનામાં બનાસકાંઠાના આરોપીને સજા<br>
ભાસ્કર ન્યૂઝ। નવસારી<br>
નવસારી જિલ્લાના ચીખલી પંથકની સગીરાનું અપહરણ કરી તેની ઉપર શારીરિક શોષણ કરી તેણીને મારી નાખવાની ધમકી આપતા હોવાની ઘટનામાં ફરિયાદ બાદ એક આરોપીને 2018માં સાત વર્ષની સજા ફટકારી હતી. ત્યાર બાદ બીજો આરોપી ઝડપાઈ જતાં તેમનો કેસ ચાલી જતાં તેને પણ કોર્ટે સાત વર્ષની સજા સરકારી વકીલ ભાવેશ ગુપ્તાની દલીલોને આધારે કરી હતી.<br>
ચીખલી પંથકની સગીરાને બનાસકાંઠાના રહીશ જયંતિ ઉર્ફે જયેશ હીરા મુજાત અને ચીખલીના મોહન બાબર પટેલ અને તેમની પત્નીએ એક સગીરાનું અપહરણ કરી તેમને અમદાવાદ અને અન્ય જગ્યાએ લઈ ગયા હતા. સગીર અનુ.જન જાતિની હોવા છતાં જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપી જયેશ મુજાત દ્વારા અવાર-નવાર શારીરિક સબંધ બાંધ્યા હતા અને ભાગી ગયો હતો. જેને લઈ ફરિયાદ થયા બાદ એક આરોપી મોહન પટેલની અટક કરતા વર્ષ 2018માં સાત વર્ષની કેદની સજા થઈ હતી. જ્યારે બીજા આરોપી જયંતિ ઉર્ફે જયેશ હીરા મૂજાત ફરાર હતો. જેની અટક કર્યા બાદ કોર્ટમાં કેસ ચાલી જતાં નવસારી કોર્ટનાં ન્યાયાધિશ પી.ટી રામ દ્વારા સરકારી વકીલ ભાવેશ ગુપ્તાની દલીલોને ધ્યાને લઈ આઈપીસી કલમ 376નાં ગુનામાં કસુરવાર ઠેરાવી સાત વર્ષની સજા ફટકારી હતી અને 1000દંડ ફટકાર્યો અને દંડ ન ભરે તો વધુ 3 માસની સજા ફટકારી હતી.</td><td> <br>
સરકારી વકીલશ્રી ભાવેશ ગુપ્તા શ્રી બી.એસ.મોરી, Dy.S.P</td></tr>
<tr><td>નવસારી એસ.ટી.ડેપો ખાતેથી ત્રણ આરોપીને ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હીસ્કીની બોટલો તથા પાંઉચ કુલ નંગ- ૪૮૭ કિમંત રૂપિયા ૫૦,૯૨૫ /-નો પ્રોહી મુદ્દામાલ સાથે પકડી પાડી પ્રોહી ગણનાપાત્ર કેશ શોધી કાઢતી નવસારી ટાઉન પોલીસ</td><td></td></tr>
</table>